૨૩૫૦-૫૨
ક્રમાંક/FRC/૨૦૨૩/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા.૨૯/૦૪/૨૦૨૩

# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
**Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com**

U-Dise-24180 107539.

E-mail : littleflowerschool22@gmail.com

દાહોદ દરખાસ્ત નં. DH-૦૪/૨૦૨૩-૨૪.
તા.૧૨-૦૪-૨૦૨૩.

અરજદાર શાળા :- લીટલ ફ્લાવર્સ સ્કૂલ (CBSE),(અંગ્રેજી માધ્યમ) શેઠશ્રી ગિરધરલાલ માર્ગ, અનાજ માર્કેટની સામે, રળિયાતી રોડ, દાહોદ-૩૮૯૧૫૧.....

વિષય :- સને-૨૦૨૩-૨૪ થી સને-૨૦૨૫-૨૬ પ્રિ.પ્રાયમરી અને પ્રાયમરીની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.
(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પે.લીવ ટુ અપીલ (સી) નં.૩૧૪/૨૦૧૮ ના હુકમો.
(૪) નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પેસિયલ સિવિલ એપ્લીકેશન નં.૨૩૫૬/૨૦૨૦-૨૧ તા.૨૨-૦૭-૨૦૨૨ નો હુકમ.
(૫) અરજદાર શાળાની ફી માટેની સંમતિ પત્ર તા.૧૨-૦૪-૨૦૨૩.

## -:: હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૩-૨૪ થી સને ૨૦૨૫-૨૬ ના 3 વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. સને ૨૦૨૨-૨૩. | અરજદાર શાળાની સૂચિત ફીની માગણી સને ૨૦૨૩-૨૪. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | CBSE | ૦૦ | રૂા.૧૮,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | CBSE | ૧૫૯ | રૂા.૧૮,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | CBSE | ૧૦૯ | રૂા.૧૮,૦૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | CBSE | ૧૯૩ | રૂા.૨૦,૦૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | CBSE | ૧૯૨ | રૂા.૨૦,૦૦૦/- |
| (૬) | 3 | અંગ્રેજી | CBSE | ૧૮૨ | રૂા.૨૦,૦૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | CBSE | ૧૫૬ | રૂા.૨૦,૦૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | CBSE | ૧૪૮ | રૂા.૨૦,૦૦૦/- |

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ, વડોદરા
Little Flowers School, DAHOD Inward No.- ૦૪/૨૩-૨૪ Date:- ૦૧/૦૫/૨૦૨૩

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૯) | ૬ | અંગ્રેજી | CBSE | ૧૫૦ | રૂા.૨૦,૦૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | CBSE | ૧૫૨ | રૂા.૨૦,૦૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | CBSE | ૧૫૨ | રૂા.૨૦,૦૦૦/- |
| કુલ વિદ્યાર્થી... | | | | ૧૫૯૩ | |

(૨) અરજદાર શાળાએ સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે એફીડેવીટ નં.૧૪/૨૦૨૨-૨૩ દાખલ કરેલ હતી જે કામે તા.૨૨-૦૯-૨૦૨૨ ના રોજ હુકમ કરવામાં આવ્યો હતો અરજદાર શાળા ગુજરાત સરકારના જાહેરનામા પ્રમાણે પ્રિ.પ્રાયમરી અને પ્રાયમરી વિભાગમાં રૂ.૧૫,૦૦૦/- અને માધ્યમિક અને ઉચ્ચાત્તર માધ્યમિક જનરલમાં રૂ.૨૫,૦૦૦/- કરતાં ઓછી ફી લેતા હોવાથી અરજદાર શાળાનું સોગંદનામું મંજૂર કરી દરખાસ્ત કરવામાથી મુક્તિ આપવામાં આવી હતી.

(૩) અરજદાર શાળા ધ્વારા સને ૨૦૨૩-૨૪ થી સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. દરખાસ્ત સાથેના રજૂ કરવામાં આવેલા ઓડીટ રીપોર્ટો તથા દરખાસ્ત સાથેના દસ્તાવેજોની ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં આવી અરજદાર શાળાના સને ૨૦૨૨-૨૩ ના વિદ્યાર્થીઓની સંખ્યા અને રજૂ કરેલા ઓડીટ રીપોર્ટના આધારે આવક અને જાવકના હિસાબો ફી નિયમન સમિતિ ધ્વારા ધ્યાને લઇને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના હિસાબે ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે

(૪) અરજદાર શાળાએ રજૂ કરેલી સને ૨૦૨૩-૨૪ થી સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની કરેલી દરખાસ્તની ચકાસણી કરી સુનાવણી માટે તા.૧૨-૦૪-૨૦૨૩ ના રોજ હાજર રહેવાની નોટીસ કાઢવામાં આવી હતી. સુનાવણીના દિવસે કમીટીના તમામ સભ્યોની હાજરીમાં અરજદાર શાળાના અધિકૃત વ્યક્તિઓને રૂબરૂ સાંભળમાં આવ્યા અને તેમની રજૂઆતો ધ્યાને લેવામાં આવી.

(૫) અરજદાર શાળાની રજુઆત કે, અરજદાર શાળાએ સને ૨૦૨૩-૨૪ની દરખાસ્તમાં જે ફીની માંગણી કરેલ છે. તે ખુબજ વ્યાજબી છે. અરજદાર શાળાએ સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં એફીડેવીટ દાખલ કરેલ હતી. અરજદાર શાળાના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયેલ છે. ખર્ચમાં વધારો થયેલ છે જેથી દરખાસ્ત મુજબની ફી મંજૂર કરવી જોઈએ. પાછલા વર્ષની ફીમાં માત્ર નજીવો વધારો થાય છે. અરજદાર શાળાના ખર્ચને પહોચીવરવા અરજદાર શાળાની માંગણી વ્યાજબી હોવાનો ફલીત થાય છે જેથી ફી નિયમન સમિતિ દ્વારા તેઓની લેખીત સંમતિ ધ્યાને લઈને સૂચીત વધારો ગ્રાહ્ય રાખવામા આવે છે.

ફી નિયમન સમિતિ • વડોદરા ઝોન, વડોદરા.

(૬) અરજદાર શાળા તરફથી લેખીતમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે. કે, નર્સરીમાં રૂ.૧૩,૦૦૦/- જૂ.કે.જી. અને સી.કે.જી. માં રૂ.૧૬,૦૦૦/-, પ્રાયમરીમાં રૂ.૧૮,૦૦૦/- ની ફી મંજૂર કરવામાં આવેતો વાંધો નથી. અરજદાર શાળાની સ્વૈચ્છીક કબુલાત અને સુનાવણી સમયે આપેલ સંમતિ ફી નિયમન સમિતિએ તેઓના ખર્ચના પ્રમાણમાં તેમજ ભવિષ્યના ખર્ચને પહોચીવળવા માટે ન્યાયી અને વ્યાજબી હોઇ અરજદાર શાળાની આપેલ સંમતિ મુજબની ફી ગ્રાહ્ય રાખતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૨૩-૨૪. | સને ૨૦૨૩-૨૪. | સને ૨૦૨૩-૨૪. |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૦૦ | રૂા.૧૮,૦૦૦/- | રૂા.૧૩,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૧૫૯ | રૂા.૧૮,૦૦૦/- | રૂા.૧૬,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૧૦૯ | રૂા.૧૮,૦૦૦/- | રૂા.૧૬,૦૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | ૧૯૩ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | ૧૯૨ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૬) | ૩ | અંગ્રેજી | ૧૮૨ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | ૧૫૬ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | ૧૪૮ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | ૧૫૦ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | ૧૫૨ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | ૧૫૨ | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૧૮,૦૦૦/- |

શરતો :-

૧) સને ૨૦૨૩-૨૪ ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે. જેમાં એડમીશન ફી અને ટર્મ ફીનો સમાવેશ થતો નથી.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થી અને તેના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૩-૨૪ ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે. પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી બેન્ક રેટના દર કરતાં વધુ રકમ પેનલ્ટી તરીકે વસુલ કરી શકશે નહિ.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં આ હુકમમાં દર્શાવેલ ફી કરતાં વધુ ફી ભરી હશે તો તેઓને શાળાએ મજરે આપવાની રહેશે પરંતુ વિદ્યાર્થી/વાલીએ હુકમ દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હોય તો શાળાને બાકી ફીની રકમ વસુલ આપવાની રહેશે.

૫) અરજદાર શાળા નામ. ગુજરાત હાઇકોર્ટના સ્પેસિયલ સીવીલ એપ્લીકેશન નં.૨૩૫૬/૨૦૨૧ ના તા.૨૨-૦૭-૨૦૨૨ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે નક્કી કરવામાં આવેલી ફીના એક માસની ફી નવા

એડમીશન ફી તરીકે લઈ શકશે. તેમજ એક માસની ફી ટર્મ ફી તરીકે વર્ષમાં બે બખત ટર્મ ફી તરીકે લઈ શકશે તેના કરતાં વધુ એડમીશન ફી કે ટર્મ ફીની રકમ લઈ શકશે નહી.

૬) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૩-૨૪ ના વર્ષની નક્કી કરેલી ફીના ૭ ટકા રકમનો વધારો સને ૨૦૨૪-૨૫ તેમજ સને ૨૦૨૪-૨૫ ની નક્કી કરેલી ફીના ૭ ટકાનો વધારો સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં લઇ શકશે.

૭) અરજદાર શાળા આ હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે. તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૩-૨૪ ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

૯) અરજદાર શાળા આ હુકમથી નારાજ હોય તો હુકમ મળ્યાની તારીખથી ૨૧ દિવસમાં ફી રીવીઝન કમિટીને નીચેના સરનામે ફી રીવીઝન અરજી કરી શકશે.

અધ્યક્ષશ્રી,
ફી રીવીઝન કમિટી,
છઠ્ઠો માળ, બી વિંગ, બ્લોક-૧,
કર્મયોગી ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર.

૧૦) ફી રીવીઝન કમિટી સમક્ષ રીવીઝન અરજી કરતા સમયે રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)પુરા પ્રોસેસ ફી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં નીચે જણાવ્યા મુજબના સદરે જમા કરાવી તેનું ચલણ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

<u>પ્રાથમિક શિક્ષણઃ-</u>

| | |
|---|---|
| મુખ્ય સદર | ૦૨૦૨ શિક્ષણ ખેલકુદ, કલા અને સંસ્કૃતિ |
| પેટા મુખ્ય સદર | ૦૧-સામાન્ય શિક્ષણ |
| ગૌણ સદર | ૧૦૧ પ્રારંભિક શિક્ષણ |
| પેટા સદર | (૦૧) અન્ય પ્રાપ્તિ |
| હેડ ચાર્જેબલ | ૦૨૦૨-૦૧-૧૦૧-૦૧ |

<u>માધ્યમિક શિક્ષણઃ-</u>

| | |
|---|---|
| મુખ્ય સદર | ૦૨૦૨ શિક્ષણ ખેલકુદ, કલા અને સંસ્કૃતિ |
| પેટા મુખ્ય સદર | ૦૧-સામાન્ય શિક્ષણ |
| ગૌણ સદર | ૧૦૧ પ્રારંભિક શિક્ષણ |
| પેટા સદર | (૦૧) શિક્ષણ અને અન્ય ફી |
| હેડ ચાર્જેબલ | ૦૨૦૨-૦૧-૧૦૨-૦૧ |

૧૧) ફી રીવીઝન અરજી નિયત નમૂનાના ફોર્મ-૫ માં જરૂરી આધાર-પુરાવાઓ સાથે ફાઇલને અનુક્રમ નંબર અને પાન નંબર આપી ૭ નકલમાં હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે.

૧૨) ફી રીવીઝન અરજીની એક શોફટ કોપી ફી રીવીઝન કમિટીના E-Mail Add:- frcgujarat.gov@gmail.com ઉપર મોકલી આપવાની રહેશે.

૧૩) ફી રીવીઝન કમિટી, ગાંધીનગર સિવાય અન્ય કોઇ સત્તાધિકારી/કચેરીએ કરેલ ફી સુધારણા અરજી માન્ય ગણાશે નહિ જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા:-૧૨ માહે એપ્રિલ સને ૨૦૨૩.
સ્થળ :- વડોદરા.
ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૧૨/૦૪/૨૦૨૩ ના આદેશાનુંસાર

ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ, આચાર્ય/સંચાલકશ્રી, લીટલ ફ્લાવર્સ સ્કૂલ (CBSE),(અંગ્રેજી માધ્યમ) શેઠશ્રી ગિરધરલાલ માર્ગ, અનાજ માર્કેટની સામે, રળિયાતી રોડ, દાહોદ-૩૮૯૧૫૧......

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.